ગાંધીનગર સમાચાર

**મનપાના ૨૪ કાઉન્સિલરો આજે ગોવા તાલીમ માટે જશે**

# જિલ્લામાં આતંક મચાવી મુકનાર ચેઈન સ્નેચર્સ આખરે ઝડપાયા

## અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને સાબરકાંઠામાં ૨૦થી વધુ ચેઈન લુંટયા હોવાની કબુલાત : બે ની ધરપકડ : ત્રણ વોન્ટેડ : ડભોડા પોલીસ અને એલસીબીની ટીમે સંયુકત ઓપરેશન પાર પાડયું

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર ઉપરાંત જિલ્લાભરમાં એકલ દોકલ જતી મહિલાઓને નિશાન બનાવી પલ્સર બાઈક પર આવતી ચેઈન સ્નેચર્સ ગેંગથી નગરજનો તો ઠીક



પરંતુ પોલીસ પણ તોબા પોકારી ગઈ હતી.આ ગેંગને પકડવા એક અલગ સ્કવોર્ડ પણ બનાવવામાં આવી પરંતુ કોઈ મળ્યું નહીં. આખરે ડભોડા પોલીસ અને એલસીબીના સંયુકત ઓપરેશનથી આ ગેંગના બે રીઢા શખ્સો પોલીસ સકંજામાં આવી ગયા છે. અત્યાર સુધીમાં ૨૦થી વધુ ચેઈન સ્નેચીંગના ગુનાઓ આચર્યા હોવાની કબુલાત પોલીસ સમક્ષ કરી દીધી છે. હજુ પણ કેટલાય ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શકયતા પોલીસે વ્યકત કરી છે. પાંચ ચેઈન સ્નેચર્સની ટોળકી પૈકી બેની ધરપકડ કરવામાં આવી છે જયારે અન્ય ત્રણ હજુ ફરાર છે.

ગાંધીનગરમાં પેધા પડી ગયા બાદ રીતસરનો આતંક મચાવી મુકનાર ચેઈન સ્નેચર્સ ગેંગને પકડી પાડવા જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંગ યાદવની સુચનાને આધારે ડભોડા સિનિ. પીએસઆઈ પી.જે. સોલંકી તથા એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમો તે દિશામાં સક્રિય થઈ હતી. બંનેની સંયુકત બાતમીને આધારે ઓપરશન પાર પાડી આ ગેંગના મુખ્ય સુત્રધાર સહિત બે શખ્સોની આખરે ધરપકડ કરી લેવામાં પોલીસને સફળતા મળી છે. બ્લેક પલ્સર નંબર જીજે ૧ એમ.ડી. ૩૮૭૭માં સવાર અમદાવાદના સુભાષનગર ખાતે અજય છારાનાં મકાનમાં રહેતા હરેશ ઉર્ફે અકો ઘેલા સિંઘલ અને નાના ચિલોડા અમરદીપ રેસીડેન્સીમાં રહેતા

● અનુસંધાન પાન-૭ પર

### વિશાલની ચેઈન સ્નેચીંગની મોડસ ઓપરેન્ડી

વિશાલ પહેલા બાઈકની ચોરી કરતો હતો અને તે ચોરીના બાઈકથી જ લુંટ કરવા જતો હતો. ચેઈન ની લુંટ થઈ જાય પછી રસ્તામાં જ તે પોતાનો શર્ટ બદલી નાંખતો હતો જેથી પોલીસને વર્ણનના મેસેજ મળે તે પહેલા વર્ણન બદલાઈ જાય...! ત્યાર બાદ થોડે દુર જઈને ચોરેલુ બાઈક પણ રસ્તામાં મુકી દેતો હતો. બીજા દિવસે જયારે ચેઈન સ્નેચીંગ કરવા જાય તો તે વખતે તેણે મુકેલું બાઈક જોઈ આવે જો પડયું હોય તો તે જ બાઈક ફરી વાપરે નહીંતર સીએનજી રીક્ષાની ચાવીથી બીજા પલ્સર બાઈકની ચોરી કરીને બીજા શિકાર માટે નીકળતો હતો. વિશાલ કયારેક એકલો પણ લુંટ કરવા નીકળી જતો હતો અને તેની સાથે એક થેલીમાં છરો પણ રાખતો હતો જો પકડાય તો છરો બતાવીને ભાગી શકે...!

### વિશાલ પોતાના વેશ અવાર નવાર બદલતો હતો

વિશાલ લુંટ કરીને પોતાના કપડા તરત બદલી નાંખતો હતો તે ઉપરાંત કયારેક લાંબા વાળ રાખતો તો કયારેક કપાવીને વાળ સાવ ટુંકા કરાવી દેતો હતો અને કયારેક તો વાળના કલર પણ બદલાવી દેતો હતો. વિશાલ કયારેક કાનમાં બુટ્ટી પહેરતો અને કયારેક નહતો પહેરતો. કોઈને શક ન જાય તે માટેના સતત પ્રયત્નો વિશાલ કરતો રહેતો હતો.

### આ ગેંગના એક સાગરીતને એક હાથ જ નથી!

વિશાલની આ ગેંગમાં પાંચ શખ્સો છે જેમાં વિશાલ ઉપરાંત હરેશ કે જે પ્લમ્બર છે. વિશાલ વિમલ પેસ્ટીસાઈડની કંપનીમાં નોકરી કરતો હતો તે ઉપરાંત વિકાસ અને મદન નામના બે સાગરીતોનો સમાવેશ થાય છે. અને પાંચમો સાગરીત છે જે તેનો એક હાથ જ નથી તેમ છતાં ચેઈન સ્નેચીંગ કરવામાં તે માસ્ટર હોવાનું જાણવા મળ્યું છે.

# શહેરમાં નવરાતનું કાઉન્ટ ડાઉન

## નગરજનો આસોની અજવાળી રાતના ઓવારણાં લેવા ઉત્સુક : નગરની આગવી ઓળખ સમા નવરાત પર્વને અનુલક્ષી નવયૌવનમાં થનગનાટ : શકિતની ભકિત સાથે નગરના કલાકારોનુ નર્તન નિહાળવાનો અદભુત અવસર એટલે નવરાત





ગાંધીનગર તા ૪

માડી તારા આવવાના એંધાણ થયા...નવલી નવરાતનુ કાઉન્ટ ડાઈન શરૂ થઈ ગયુ છે. ભાદરવાના આકરા તાપની વિદાયની વાટ સાથે આસોની અજવાળી રાતના ઓવારણાં લેવા નગરજનો ઉત્સુક બન્યા છે. નવરાત એટલે નવદુર્ગાની ઉપાસનાનુ પર્વ . આ પર્વમાં ગરબે ઘુમવા નવયૌવન અત્યારથી જ થીરકતુ જોવા મળે છે. નવરાત્રી ગાધીનગરની આગવી ઓળખ બની ગઈ છે. નગરના કલાકારોએ દેશ વિદેશમાં ડંકો વગાડ્યો છે ત્યારે ઘર આંગણે ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ થઈ અવનવી સ્ટાઈલથી ગરબે ઘુમતા ખૈલેયાઓને નજરે નિહાળવાનો અવસર એટલે પણ નવરાત. નવરાતને આડે હવે સપ્તાહનો સમય જ આડો રહયો હોવાથી નગરજનોમાં અનોખો ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહયો છે.

આસોની રઢિયાળી રાતના આગમનના ભણકારા વાગી રહયા છે. ભાદરવો ઉગ્ર બન્યો છે. ત્યારે નવલી નવરાતની કાગડોળે વાટ જોવાઈ રહી છે. નવરાત્રિ શહેરની આગવી ઓળખ છે.શહેરમાં કલા અને સંસ્કૃતિની વૃતિ પ્રવૃતિને પ્રોત્સાહીત કરવા માટે નગરની કલા સંસ્થાઓનુ પણ વિશેષ યોગદાન રહયુ છે. આ ઉપરાંત શહેરની શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા પણ વિદ્યાર્થીઓને આ દિશામાં પ્રોત્સાહીત કરવામાં આવે છે. જેના પરિણામે

# મનપાના ૨૪ કાઉન્સિલરો આજે ગોવા તાલીમ માટે જશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહાનગરપાલિકાના ૨૪ કાઉન્સિલરો આજે હવાઈ માર્ગે ગોવાના ચાર દિવસ માટે તાલીમ માટે જવા રવાના થશે.

રૂ. ૫ લાખનો અંદાજીતખર્ચ થવાની સંભાવનાઓની દરખાસ્તને સ્થાયી સમિતિની ૧લી ઓકટોબરના રોજ મળેલ બેઠકમાં જ મંજૂરી આપવામાં આવી હતી. ગોવા ખાતે યોજાયેલ તાલીમ કાર્યક્રમ બાદ કાઉન્સિલરો ત્યાં બે દિવસ આરામ પણ ફરમાવવાના છે. મહાનગરપાલિકાના ૯ કાઉન્સિલરો આ તાલીમમાં જોડાવાના નથી. જેમાં કોંગ્રેસના સાત અને ભાજપના બે કાઉન્સિલરોનો સમાવેશ થાય છે.

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ લોકલ સેલ્ફ ગર્વમેન્ટના આ તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા જનાર કાઉન્સિલરો ૩-સ્ટાર હોટલમાં રોકાણ કરનાર છે. આમ તો મનપાના કાઉન્સિલરોની સાથે અધિકારીઓ પણ જનાર હોવાનું જાણવા મળેલ છે.

# ગુજરાતમાં ઓકટોબરમાં અન્ય રાજયોની જેમ સળંગ બેંકો બંધ નથી

ગાંધીનગર, તા. ૪

દેશભરમાં નવરાત્રીની પૂર્ણાહૂતિ પછી રાજયોમાં ઉજવાતા તહેવારો મુજબ રજાઓ આવી રહી છે. જો કે ગુજરાતમાં નવરાત્રી પછી વિજયાદશમીની એક માત્ર તહેવારની રજા નક્કી કરાયેલ છે. જેથી બેંકોમાં ફકત ૨૨મી ઑકટોબરની રજા રહેશે અને બીજા દિવસે બેંકો ચાલુ રહેવાની છે જેથી સળંગ રજા ન થવાથી બેંકો કાર્યરત રહેશે. જો કે ચોથો શનિવાર અને રવિવાર સાથે આવવાથી બે દિવસ બેંકનું કામકાજ બંધ રહેશે. પરંતુ તે પહેલાં બેંકો ચાલુ હોવાથી ગ્રાહકો પોતાના વ્યવહાર સરળતાથી કરી શકશે.

## વિજયાદશમી અને ચોથા શનિવારની રજા વચ્ચે બેંકો ચાલુ છે, સ્થાનિક બેંકો સમજણ આપી રહી છે

દેશની તમામ બેંકોમાં રજા અંગેનો પરિપત્ર જે તે સ્થાનિક રાજય સરકારની સહમતિ સાથે પ્રસિદ્ધ કરાય છે જેમાં ગુજરાત રાજય માટે જાહેર કરાયેલી બેંકોની રજાઓમાં ઑકટોબર માસ દરમિયાન ગાંધી જયંતિ અને વિજયાદશમી છે. વધુમાં નવરાત્રી પૂર્ણ થતાં વિજયાદશમી ૨૨મી ઑકટોબરે છે અને

● અનુસંધાન પાન-૭ પર

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | | |
|---|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % | વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % | વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % | વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % | વળતર |
| રેશમ ખાદી | ૧૫ % | વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
નોંધ : તા. ૧૧/૧૦/૨૦૧૫ને રવિવારના રોજ કેન્દ્ર ચાલુ રહેશે.

# સાધના પત્રકારિતા ગૌરવ પુરસ્કાર અર્પણ સમારોહ

## સાધનાનો માર્ગ પ્રશસ્ત કર્યા વગર સિદ્ધાવસ્થા પ્રાપ્ત થતી નથી : સાધના પત્રકારિતા ગૌરવ પુરસ્કાર જાણીતા પત્રકાર રમેશ તન્નાને એનાયત કરાયો

ગાંધીનગર, તા.૪

રાજયપાલશ્રી ઓ.પી



કોહલીએ જણાવ્યું છે કે કોઈ મોટા ઉદ્દેશની પૂર્તિ માટેની મહેનતને સાધના કહેવાય છે અને સાધનાનો માર્ગ પ્રશસ્ત કર્યા વગર સિદ્ધાવસ્થા પ્રાપ્ત થતી નથી.

ગાંધી લેબર ઈન્સ્ટિટયૂટ ખાતે પત્રકારશ્રી રમેશ તન્નાને સાધના પત્રકારિતા ગૌરવ પુરસ્કાર અર્પણ સમારોહમાં રાજયપાલશ્રીએ જણાવ્યું કે પત્રકારત્વ ધંધો - વ્યવસાય નહીં, પરંતુ લોકહિત માટે મિશનરૂપે કાર્ય કરે તે આજના સમયની નિતાંત આવશ્યકતા છે. તેમણે જણાવ્યું કે, પત્રકારત્વ શબ્દની સાધના છે. શાસ્ત્રોમાં શબ્દને બ્રહ્મ કહયો છે. શબ્દ સાથે શકિત જોડાયેલી છે ત્યારે તેનો સમાજ ઉત્થાનના દાયિત્વ સાથે સમુચિત ઉપયોગ થવો જરૂરી છે.

પત્રકારત્વ લોકતંત્રનું પ્રહરી છે, લોકતંત્રની ચોથી જાગીર છે ત્યારે તેણે હકારાત્મકતા અને નકારાત્મકતાનો ભેદ સમજી લોકો સમાજ શિક્ષિત બને તેવા લોકશિક્ષણનું કાર્ય કરવું જરૂરી છે.લોકતંત્રમાં પ્રજા સજાગ અને જવાબદેહી બને તે લોકતંત્રનો સફળતાની પારાશીશી છે.

જનસમસ્યાને વાચા આપવાનું કામ પત્રકારત્વ બખૂબી નિભાવી શકે છે, તેની સાથેસાથે સરકારની લોક કલ્યાણની વાત સમાજ વચ્ચે લઈ જઈ સરકાર અને

● અનુસંધાન પાન-૭ પર

રેલ્વે ટીકીટ/એર ટીકીટ
બસ મુંબઈ/શીરડી/જયપુર/પુના ઉદયપુર/સોમનાથ/દ્વારકા
પાસપોર્ટ સર્વિસ / વીઝા સર્વિસ
હોટલ બુકીંગ / ક્રુઝ બુકીંગ
ટુર-પેકેજ ગોવા, સીમલા-મનાલી, કેરાલા, કાશ્મીર, દાર્જીલીંગ, આંદામાન-નિકોબાર, થાઈલેન્ડ, સીંગાપુર, દુબઈ, મલેશિયા
શ્રીરામ ટ્રાવેલ્સ સિદ્ધાર્થ સ્ટેટસ, ન્યુ વાવોલ
૯૭૨૪૩ ૧૭૩૫૮, ૯૫૭૪૯ ૭૧૮૫૯

એસ્ટ્રો કન્સલટન્સી
જ્યોતિષ અને પરામર્શ દ્વારા તમામ પ્રકારની સમસ્યાઓનો સચોટ ઉકેલ કરી આપવામાં આવશે.
મો. ૯૫૧૨૮૯૨૯૨૨, ૯૫૧૨૮૯૨૭૬૯

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

નવરાત્રી સ્પેશિયલ મેઘા સેલ
કોટન કુર્તી, લોન્ગ કુર્તી, અનારકલી પટીયાલા કુર્તી, બાંધણી વર્કવાળી કુર્તી, બ્રાન્ડેડ ટી-શર્ટ, લોન્ગ ટી-શર્ટ, વેસ્ટર્ન ટોપ, વન પીસ, પ્લાઝો, કેપ્રી, હેરમ, શોર્ટી, ટી બેગ,સરગ, દુપટ્ટા, સ્ટોલ, સલવાર, પ્રિન્ટેડ પટીયાલા, બ્લેઝર, ઝમશુટ, ડંગરી, મોડલ શર્ટ, લેગીન્સ, બ્રાન્ડેડ જીન્સ ફક્ત ૨૫૦થી શરૂ, રફ જીન્સ, નેટવાળી વેલવેટ નેટ વર્ક એન્કલ લેગીન્સમાં ૨૦૦થી વધારે કલર રેન્જ સાથે
નવરાત્રી સ્પેશિયલ કુર્તી અને કોટી ● ફેન્સી અનારકલી L, 3XL સુધી સાઈઝ
રૂ. ૫૦૦ની કુર્તી અને ટોપની ખરીદી ઉપર ૧ લેગીન્સ ફ્રી
રૂ. ૭૫૦ની કુર્તીની ખરીદી ઉપર લેગીન્સ અને દુપટ્ટો ફ્રી
જેગીન્સ ફક્ત ૨૫૦થી શરૂ (Size L to 8XL)
ચેન એન્કલ પેન્ટ ફક્ત ૨૦૦ (૨૮ થી ૩૨) રૂ. ૩૦૦ (૩૪ થી ૩૮)
જીન્સ ઉપર પહેરવાની શોર્ટ કુર્તી ફક્ત ૧૫૦ રૂ.
નાના બાળકોની વેસ્ટટ (૧૦થી ૧૫) વર્ષના બહેનો માટે પેન્ટ લેગીન્સ ટી-શર્ટ મળશે ૨૦% થી ૫૦% સુધીનું ડીસ્કાઉન્ટ
આસ્થા એન્ટરપ્રાઈઝ બધા જ દિવસે ચાલુ રહેશે.
સેક્ટર-૨૩/૨૪ ચોકડી કોર્નર, ગાંધીનગર. મો. : ૯૭૨૬૪ ૫૬૨૨૮
સમય : સવારે ૧૦-૦૦ થી રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com